તેના પ્રભાવે સિંહલમાં પોતાને રાજકુમારીનું પદ મળ્યું છે; એમ અવધિજ્ઞાનથી જાણી અહીં આવી આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ત્યારથી આ તીર્થનું બીજું નામ સુદર્શના વિહાર, શકુનિકા વિહાર યાને સમળી વિહાર તરીકે જાહેર થયું. આ તીર્થ અનેક તોફાનોમાંથી પસાર થયું ત્યારે જૈનાચાર્યોએ તેની રક્ષા કરી. આ૦ કલહંસસૂરિએ અજૈનોને સંતુષ્ટ કર્યા અને પછી મહારાજા સંપ્રતિએ જીર્ણોદ્ધાર કરાવ્યો. વીર સં. ૩૦૦ લગભગમાં વ્યંતરોએ ઉપદ્રવ કર્યો અને શ્રીશ્યામાચાર્યે તેની રક્ષા કરી. વીર સં. ૪૮૪માં બૌદ્ધો અને વ્યંતરોએ ધમાલ કરી ત્યારે આર્ય ખપુટાચાર્યે તેની રક્ષા કરી. વીર સં. ૮૪૫માં શત્રુ રાજાએ ભરૂચ પર હલ્લો કર્યો પણ દેવી સહાયથી બચી ગયું. વીર સં. ૮૮૪માં બૌદ્ધોએ તેનો કબજો કર્યો પણ આ૦ મલ્લવાદીએ આ તીર્થની રક્ષા કરી.

એકવાર અંકલેશ્વર તરફથી પવન ફૂંકાયો ત્યારે નગરદાહમાં ભરૂચ ભસ્મીભૂત થયું, જિનમંદિરો પણ બળી ગયાં; માત્ર ભગવાન શ્રીમુનિ-સુવ્રતસ્વામીની પ્રતિમા બચી ગઈ. આ૦ વિજયસિંહસૂરિએ ભરૂચમાંથી જ પાંચ હજારની રકમ એકઠી કરી લાકડાનું મંદિર કરાવ્યું. સં. ૧૨૧૩ પછી વ્યંતરે મંત્રી આમ્રભટના જીર્ણોદ્ધારમાં વિઘ્ન નાખ્યું. કળિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિએ તે વિઘ્નને હઠાવી તીર્થરક્ષા કરી, અને તેમણે જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યાર પછી મુસલમાનોના ધર્માંધ હુમલાથી આ તીર્થ નાશ પામ્યું અને નવેસરથી તીર્થની રચના કરવામાં આવી. તીર્થનાયક શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન આજે શ્રીસંઘના મંદિરમાં બિરાજમાન છે. આ તીર્થ પ્રાચીન છે તેથી જગચિંતામણિ ચૈત્યવંદનમાં આ તીર્થનો भरुअच्छहिं मुणिसुव्वय એવો જયઘોષ આલેખાયો છે. આજે ભરૂચમાં ૯ દેરાસરો છે.

**અજારા** – સૂર્યવંશી રઘુરાજાના પુત્ર અજયપાળે અસાધ્ય રોગની પીડાથી રાજ્ય છોડી શત્રુંજયની યાત્રા કરી, દીવમાં આવી વસવાટ કર્યો. એ અરસામાં રત્નસાર નામના વ્યાપારીને સમુદ્રમાંથી ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા મળતાં તેણે એ પ્રતિમા લાવી અજયપાળને આપી. અજયપાળ પણ એ પ્રતિમાના ન્હવણ જળથી છ મહિનામાં નિરોગી થયો. એટલે તેણે ત્યાં અજયનગર વસાવ્યું અને જિનાલય બંધાવ્યું. તેમાં તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી મંદિરના નિર્વાહ માટે ૧૨ ગામ આપ્યાં. ત્યારથી અજારા પાર્શ્વનાથ તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું છે.